| PUBLICATION NAME : | Divya Bhaskar |
| --- | --- |
| EDITION : | Gandhinagar |
| DATE : | 25/07/2023 |
| PAGE : | 5 |

### આવનારા સમયના ટેક્નોલોજિકલ ચેલેન્જિસ વિશે માહિતી અપાઈ

# EDII એ વર્ક કલ્ચરનું ભવિષ્ય અને ઈનોવેશન પર સેશનનું આયોજન કર્યું



અમદાવાદ : યંગસ્ચર્સને જોડવાના અને ભારતની G20 પ્રેસિડેન્સીમાં તેમના એક્ટિવ કોન્ટ્રિબ્યુશન મેળવવાના પ્રયાસોના ભાગરૂપે, આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટઓફ ઈન્ડિયા રિસર્ચ એન્ડ ઈન્ફોર્મેશન સિસ્ટમ ફોર ડેવલપિંગ કંટ્રીઝ (RIS) સાથે મળીને ફ્યુચર ઓફ વર્ક: ઈન્ડસ્ટ્રી 4.0, ઈનોવેશન અને ટ્વેન્ટીફર્સ્ટ સેન્ચ્યુરી સ્કીલ પર Y20 ઈન્ડિયા બ્રેઈનસ્ટોર્મિંગ સેશનનું આયોજન કર્યું હતું. ઈવેન્ટનો મુખ્ય એજન્ડા યુવાનોને આવનારા દેશના સમયમાં ટેક્નોલોજી દ્વારા ઊભી થતી ચેલેન્જિસના વિવિધ પાસાં પર ચર્ચા કરવા તથા ડેવલપમેન્ટ માટે લેટેસ્ટ ટેક્નિક્સના સૌથી અસરકારક ઉપયોગ પર સ્ટ્રેટેજી ઘડવાનો હતો. પેનલ ડિસ્કશનમાં અને મંથન ઈન્ડસ્ટ્રી 4.0ની એમએસએમઈના ચેલેન્જિસ અને સોલ્યુશન જેવા સબ્જેક્ટ મુખ્ય હતા. આ વિશે સ્ટુડન્ટ્સ સાથે વાત કરતા ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "આપણે આપણા યુવાનોમાં રહેલી યોગ્યતાઓ અને ક્ષમતાઓને પ્રોત્સાહિત કરવી જોઈએ અને તેમને ડેવલપમેન્ટમાં સામેલ કરવા જોઈએ. ઈડીઆઈઆઈ એ પ્રોસેસનો ભાગ બનવાનો વિશેષાધિકાર ધરાવે છે જ્યાં યુવાનોને આંત્રપ્રિન્યોર્શિપ માટે માર્ગદર્શન આપવામાં આવે છે, જે બેલેન્સ ગ્રોથ સુનિશ્ચિત કરે છે. યુવા પેઢીને આંત્રપ્રિન્યોરશિપના આ ક્ષેત્ર સાથે પરિચય કરાવવો પડશે, કારણ કે તેઓ ઈનોવેશન અને ટેક્નોલોજી સાથે મજબૂત લગાવ ધરાવે છે, જે આખરે વિકાસ, સ્ટાર્ટઅપ્સ અને વ્યવસાયોનો પાયો છે."